# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૮-૧૨-૨૦૨૨**

- **ગુજરાતની પ્રજાએ આપેલા જનમતને અમે વિનમ્રતાપૂર્વક સ્વિકારીએ છીએ, કોંગ્રેસ પક્ષ એ આંદોલનથી બનેલો પક્ષ છે અને કાર્યકર્તાઓ થકી આવનારા ભવિષ્યમાં ફિનિક્સ પક્ષીની જેમ બેઠા થઈ ગુજરાતની પ્રજાની વેદનાને વાચા આપીને સબળ વિરોધપક્ષની જવાબદારી નિભાવવા કટિબદ્ધ છીએ : શ્રી જગદીશ ઠાકોર**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, 2022ની વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને જીત મળી છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ગુજરાતના ભાજપના પ્રમુખશ્રી સી.આર. પાટીલને અભિનંદન પાઠવું છું.

ગુજરાત કોંગ્રેસ મંદી, મોંઘવારી, બેરોજગારી, ખેડૂતોના પ્રાણ પ્રશ્નો અને જે મુદ્દાઓ ગુજરાતની પ્રજા સમક્ષ લઈને ગઈ હતી તે મુદ્દાઓને વળગી રહીને ગુજરાતની પ્રજા માટે ન્યાય અને અધિકારની લડત ચાલુ રાખશે. લોકશાહીમાં જે પણ જનમત મળ્યો હોય તેને સ્વિકારવો પડે અને ગુજરાતની પ્રજાએ આપેલા જનમતને અમે સ્વિકારીએ છીએ. ભવિષ્યમાં વધારે ખંતથી અમારા ચૂંટાયેલા ધારાસભ્યો અને મારા સહિત ગુજરાતના સર્વે કાર્યકર્તાઓ ગુજરાતના પ્રાણ પ્રશ્નો ઉઠાવતા રહીને વિપક્ષની ભૂમિકા અદા કરીશું.

કોંગ્રેસ તરફથી છેલ્લા છ-આઠ મહિનામાં ગુજરાતના જે કંઈ પ્રશ્નો હતા મંદી, મોંઘવારી, બેરોજગારી, ખેડૂતો, 50 લાખ બેરોજગાર યુવાનોના પેપર ફુટવાના પ્રશ્નો હતા, કોરોનામાં સરકારની નિષ્ફળતાના પ્રશ્નો હતા, ભાજપની નિષ્ફળતાના કારણે આખું મંત્રીમંડળ બદલવું પડ્યું અને એવી પરિસ્થિતિમાં સમગ્ર દેશમાં ભાજપના તમામ મુખ્યમંત્રીઓ, પોતે વડાપ્રધાનશ્રી, ગૃહમંત્રી સહિત ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં રહ્યાં. કોંગ્રેસનો કાર્યકર - ઉમેદવાર પુરી તાકાત અને ક્ષમતાથી ચૂંટણી લડ્યો છે.

ગુજરાતની પ્રજાએ આપેલા જનમતને અમે વિનમ્રતાપૂર્વક સ્વિકારીએ છીએ, કોંગ્રેસ પક્ષ એ આંદોલનથી બનેલો પક્ષ છે અને કાર્યકરો આવનારા ભવિષ્યમાં ફિનિક્સ પક્ષીની જેમ બેઠા થઈ ગુજરાતની પ્રજાની વેદનાને વાચા આપીને સબળ વિરોધપક્ષની જવાબદારી નિભાવવા કટિબદ્ધ છીએ.


હેમાંગ રાવલ
કો-કન્વિનર – પ્રવક્તા
મો. 9898233038